# આદીવાડામાં ગટરો ઉભરાતા દૂષિત પાણીનો ભરાવો : રોગચાળાનો ખતરો

## વોર્ડ નં. ૨ના નેતાઓ મત ઉઘરાવી કોરાણે : ગ્રામજનો રામભરોસે : તંત્ર પણ રજૂઆત સાંભળતુ નથી

ગાંધીનગર, તા. ૧૭

શહેરી વિસ્તારના આદીવાડા ગામમાં ગટરો ઉભરાતા ગ્રામજનોના ઘરમાં દૂષિત પાણીનો ભરાવો થયો છે. ગામના રબારીવાસ સહીતના વિસ્તારમાં ગટરના દૂષિત પાણીનો ભરાવો થતા અસહ્ય ગંદકી પ્રવર્તી છે. જેના પરિણામે ગ્રામજનો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે. પાટનગર યોજના વિભાગ સમક્ષ આ મામલે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી. જ્યારે વોર્ડ નં. ૨ ના કોર્પોરેટરને પણ ગ્રામજનોની આ સમસ્યા નિવારવામાં કોઈ રસ નથી. પ્રજાની પાસેથી મત બટોરવામાં આરંભે શૂરા નેતાઓ પ્રશ્નો પ્રત્યે દૂર્લક્ષ સેવતા આમનાગરિકોએ દયાજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ પાણી-ગટર તેમજ રસ્તાની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. અગાઉ ગટરલાઈનની કામગીરી પાછળ કરોડો ખર્ચાયા બાદ પણ ગ્રામજનોને સુવિધા મળી નથી. ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનનું કામ અધુરૂ છોડી દેવાયા બાદ તંત્ર દ્વારા પણ આ મામલે લાંબા સમય સુધી દૂર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યું છે. શહેરી વિસ્તારમાં સ્થિત આદીવાડા ગામમાં હાલ નર્કાગાર જેવી સ્થિતિ થઈ છે. વરસાદી પાણીની સાથે ગટરલાઈનો ઉભરાતા દૂષિત પાણી ગ્રામજનોના ઘર સુધી પહોંચે છે. અસહ્ય દુર્ગંધ અને ગંદકી ખદબદતા ગ્રામજનોએ ગુંગળાવાનો વારો આવ્યો છે. ગામના રબારી વાસ અને મકવાણા વાસમાં ગંદકીનું સામ્રાજ્ય છે. આ મામલે ગ્રામજનો દ્વારા છેલ્લા બે મહીનાથી પાટનગર યોજના ભવનના ગટર વિભાગને રજૂઆત કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી. રહીશો દ્વારા આ અંગે વોર્ડ નં. ૨ના કોર્પોરેટર યુસુફભાઈ પરમારને પણ રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ સામાન્ય નાગરિકોની સમસ્યા પ્રત્યે ભારોભાર દૂર્લક્ષ્ય સેવવામાં આવતા ગ્રામજનો દયાજનક હાલતમાં છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો ભરડો લે તેવી દહેશત પ્રવર્તી છે. તાત્કાલિક ગટરલાઈનનું કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



શ્રાવણ માસના પહેલા સોમવારે સેકટર-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ ખાતે ભાવિ ભકતો માટે ભગવાન શંભુને ફુલોથી શણગારવામાં આવ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)



સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ ખાતે એક રક્તદાન શિબિરનું આયોજન રેડક્રોસ સંસ્થા દ્વારા સિવિલ હોસ્પિટલના સહયોગથી કરવામાં આવ્યું હતું. જ્યાં ૧૨૮ બોટલ રક્ત એકત્ર થયું હતું. (તસવીર - કશ્યપ નીમાવત)

## ખૂણે ખાંચરેથી...

● બહુમાળી ભવનમાં આજે બપોરે લિફટની સેવાઓ ખોરવાઈ જતાં મનપાના ઘણા કાઉન્સીલરોને સીડી ચડી આવવું પડયું હતું.

● આજની સામાન્ય સભામાં બે મહિલા સભ્યો જાગૃતિબેન પુરોહિત અને મીનાબા વાઘેલા ગેરહાજર હતા જેમણે પોતાનો રજાનો રિપોર્ટ મોકલ્યો હતો જે સામાન્ય સભામાં રજુ થયો હતો.

● ગુજરાત સરકારના પાક્ષિક 'ગુજરાત'ની કવર સ્ટોરી મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણીમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા શકિત એવોર્ડ સમારોહની પ્રસિધ્ધ થઈ છે

● ગુજરાત પાક્ષિકના પ્રથમ પેજ પર મેયર શ્રીમતી હંસાબેન મોદી તેમજ છેલ્લેથી અંદરના પાને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલના અને અનુક્રમણિકામાં પણ હીના પટેલના ફોટાઓ છવાયા છે.

● ગાંધીનગર સિવીલ હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિની મહત્વની બેઠક મળી હતી.

● શ્રાવણનો આજે પ્રથમ સોમવાર હતો અને શિવ ભકતોની સારી એવી ભીડ શિવ મંદિરોમાં જોવા મળી હતી. આજે શિવ ભકતોએ દહીં, દૂધ, નારિયેળના પાણી સહિતના અભિષેક ભગવાન શિવજી પર કરી ધન્યતા અનુભવી હતી.

# અનામતના મુદ્દે સમસ્ત બ્રહ્મસમાજ પેટા જ્ઞાતિઓના મંડળો સાથે પરામર્શ કરશે

## સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજે આજે સમિતિને મળવા ઈન્કાર કર્યો : સમાજની પડતર માંગણીઓની ચર્ચા બાદ સમિતિ સમક્ષ પોતાની લાગણી રજૂ કરશે

ગાંધીનગર, તા. ૧૭

અનામતના મુદ્દે આજે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજે સરકાર કક્ષાએ રચાયેલી મંત્રીઓની સમિતિ સાથે આજે પરામર્શ કરવાનું ટાળ્યું હતું. આ મામલે આગામી તા. ૧૮ ઓગષ્ટના રોજ સમાજના પેટા જ્ઞાતિઓના મંડળો સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કર્યા બાદ સમાજના અગ્રણીઓ સમિતિ સમક્ષ રજૂઆત કરશે.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સમાજ દ્વારા અનામતના મુદ્દે આર્થિક ધોરણને ધ્યાને લઈ શૈક્ષણિક સવલતોનું વિશેષ પેકેજ આપવા ઉપરાંત બ્રાહ્મણ બોર્ડ નિગમની રચના કરવાની પ્રબળ માંગ સાથે અગાઉ સરકારને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં કર્મચારી અને મંદિરના પુજારીઓને પણ સરકાર કક્ષાએથી વેતન ચુકવવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરવામાં



આવી છે. અનામતના મામલે સરકાર દ્વારા મંત્રીઓની ખાસ સમિતિની રચના કરવામાં આવી છે. જ્યારે સમિતિ દ્વારા આજે આ મામલે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજને ચર્ચા-વિમર્શ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ સમાજના પ્રમુખે આ તબક્કે સમિતિ સમક્ષ કોઈ રજૂઆત ન કરવાનો નિર્ણય લેવાયો હતો. અલબત્ત આ મામલે

● અનુસંધાન પાના - ૭ પર

# આપઘાત કરવા કેનાલે પહોંચેલી કિશોરીને પોલીસે બચાવી

## લગ્નવિચ્છેદ બાદ ગરીબી સામે લડત આપતા થાકી ગયેલી કિશોરી નભોઈ કેનાલ પહોંચી ગઈ હતી : પોલીસની સમય સુચકતાથી કિશોરી બચી ગઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરનાં જ એક સેકટરમાં ગરીબી રેખા હેઠળ અત્યંત દયનીય હાલતમાં જીવી રહેલી કિશોરી ગઈ કાલે નભોઈ કેનાલે આપઘાત કરવા પહોંચી ગઈ હતી. લગ્ન વિચ્છેદ થયા બાદ પડી રહેલી અગવડોમાં અટવાતા આ કિશોરી આપઘાત કરવા પહોંચી હતી. પેટ્રોલીંગમાં નીકળેલી ઈન્ફોસીટી પોલીસનું ધ્યાન જતા સમય સુચકતા દાખવીને કિશોરીને સમજાવી આપઘાત કરવા જતા બચાવી લીધી હતી.

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની સેકન્ડ મોબાઈલ વાન તેના વિસ્તારામાં પેટ્રોલીગમાં હતી. સાંજે પાંચેક વાગ્યાના અરસામાં નભોઈ નર્મદા કેનાલ પાસે સેન્કડ મોબાઈલ વાનના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ અલ્તાફમીયા અમીરમીયા તથા હરીસિંહ અને ડ્રાઈવર કુવરસિંહ પેટ્રોલીંગ કરી રહ્યા

● અનુસંધાન પાના - ૭ પર



શ્રાવણ માસમાં નગરના શિવાલયો ભકતોથી ઉભરાય છે. શિવ ભકિતમાં લોકો તલ્લીન બન્યા છે ત્યારે શહેરના સે-૩ ખાતે આવેલ રામેશ્વર મંદિરમાં મહિલાઓ ભજન કિર્તન કરતા નજરે પડે છે.

# મેરા ભારત મહાન ફેન કલબ દ્વારા સ્વાતંત્ર્યતા દિવસ ઉજવાયો

## શહેરના ૩૦૦ તેજસ્વી તારલાંઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની મેરા ભારત મહાન ફેન કલબ દ્વારા સે-૬-એમાં અપના બજાર ગ્રાઉન્ડમાં તા. ૧૫મી ઓગષ્ટે ધ્વજવંદન કાર્યક્રમ અને તેજસ્વી તારલાઓને સન્માનવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરમાં ધોરણ ૧ થી ૧૨ તેમજ કોલેજ કક્ષાએ વર્ષ ૨૦૧૫માં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા સન્માનવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના એમ.સી. સેલના પૂર્વ વાઈસ ચેરમેન એલ.એન. પરમારના હસ્તે ધ્વજવંદન કરાવાયું હતું. આ પૂર્વે કાર્યક્રમનું ઉદઘાટન ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કૌશિકભાઈ શાહના હસ્તે દિપ પ્રાગટય દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેર-જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખો વિક્રમસિંહ ખાચર અને મુકેશભાઈ પટેલ, મનપાના વિરોધપક્ષના નેતા ચિમનભાઈ વિઝુંડા, પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર, દુધ વાપરનારાઓની મંડળીના ડિરેકટર તેજાભાઈ દેસાઈ, કોર્પોરેટર અશોકભાઈ શ્રીમાળી, સંત રોહિતદાસ મંદિરના પ્રમુખ સુનિલભાઈરાઠોડ તથા એડવોકેટ પી.ટી. અમીન ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં ૩૦૦ બાળકોને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે લેબર કોન્ટ્રાકટર એસોસિએશને સહયોગ આપ્યો હતો. એસોસિએશનના સભ્યોનું ફેન કલબ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

મેરા ભારત મહાન ફેન કલબ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ગૌતમભાઈ સેલંકી, મંત્રી કિરીટભાઈ પરેરા ઉપરાંત સમીરભાઈ મન્સુરી, પૂનમભાઈ ઠાકોર, હસમુખ ભરવાડ, સુરેશ મોદી, શાંતિલાલ પરમાર, દ્વારકાદાસ વણકર, જેઠાલાલ મકવાણા, રમેશભાઈ ડાભી, અંબાલાલ વાઘેલા, રમણભાઈ પરમાર, નિતીરાજ, મુન્નાભાઈ, હેનિસ રાઠોડ, કિરીટભાઈ પરમાર તથા યુસુફભાઈ પરમાર વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.



શ્રીરામ ટ્રસ્ટ તરફથી ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિને સાંજે રામજી મંદિર સેક્ટર-૩ ખાતે એક દેશભક્તિગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપ-અ માં ૮ થી ૧૫ વર્ષની વયજૂથમાં ૧૮ સ્પર્ધકો અને બ ગ્રુપ ૧૫ વર્ષથી મોટા વય જૂથમાં ૧૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ આપ્યા હતા. તેમજ સૌ સ્પર્ધકોને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે આર.સી. પરમાર, લીલાબેન પરમાર, મણીભાઈ ચૌહાણ, નરસિંહભાઈ પરમાર, વણઝારભાઈ મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયકો તરીકે વિભાબેન પટેલ, ઈન્દુબેન નીમાવતે સેવાઓ આપી હતી. જ્યારે સમગ્ર સંચાલન પ્રફુલ્લાબેન ભાવસારે કર્યું હતું. (તસવીર - કશ્યપ નીમાવત)

## ભારતીય જીવન વીમા નિગમ ૧૮મીએ નવી યોજના ખુલ્લી મુકશે

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય જીવન વીમા નિગમ દ્વારા તા. ૧૮ ઓગષ્ટના રોજ નવી એન્ડોવમેન્ટ પ્લસ યોજના ખુલ્લી મુકવામાં આવશે. ગાંધીનગર વિભાગના સિનિયર ડિવિઝનલ મેનેજર એસ.પી. સોમાણીએ આ અંગે જણાવ્યા મુજબ ફેબ્રુઆરી-૨૦૧૩ બાદ આઈ.આર.ડી.એ.ના નવી યોજના અંગેના નીતિ-નિયમોમાં સુધારણા બાદ નિગમની આ પ્રથમ યુ.એલ.આઈ.પી. યોજના છે.

યુનિટ લીંકડ વીમા યોજનામાં રોકાણ તેમજ વીમાનો સમન્વય છે. બેવડા લાભવાળી આ યોજના અંતર્ગત વીમાધારકને શેરબજાર આધારિત રોકાણનો તેમજ વીમારક્ષણનૌ લાભ મળશે.

## આર.એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓનો એથ્લેટિકસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં તાજેતરમાં ગાંધીનગર ઝોન કક્ષાની એથ્લેટિકસની વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.એન. પટેલ સ્કુલના વિદ્યાર્થીઓએ ખુબ સરસ દેખાવ કરી શાળા અને શહેરનું ગૌરવ વધાર્યુ છે.

ગાંધીનગર ઝોન એથ્લેટિકસ સ્પર્ધામાં દોડ, ગોળાફેંક, ચક્રફેંક, લાંબી કુદ,ઊંચી કુદ, ૮૦ મી. વિધ્ન દોડ સહિત વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. જેમાં શહેરની શાળાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં આર.એન. પટેલ શાળાના ધો-૮ના વિદ્યાર્થીઓ રાણા દિવ્યરાજ ડી. ૧૦૦ મી. દોડમાં તૃતીય ક્રમ, અંસારી કિનશ એન. ૧૦૦ મી. દોડમાં તૃતીય ક્રમ, ડાભી અભ્યુદય કે. ૬૦૦ મી. દોડમાં દ્વિતિય ક્રમ, ગોળા ફેંક અને લાંબી કુદમાં વાઘાણી હિંમાશુ પ્રથમ ક્રમ, શર્મા ધર્મેશ ડી. ઉંચી કુદમાં દ્વિતિય ક્રમ, ૮૦ મી. વિધ્ન દોડમાં રાણા દિવ્યરાજ દ્વિતિય ક્રમ તેમજ ચક્ર ફેંકમાં પટેલ ધ્રુમિલ એ. તૃતીય ક્રમ મેળવ્યો હતો. ઉત્કૃષ્ટ દેખાવ કરેલા તમામ વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે શાળા અને શહેરનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## જલારામ સેવા સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૯ સ્થિત જલારામ સેવા સમાજ દ્વારા તા. ૨૩ ઓગષ્ટને રવિવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે વિદ્યા પુરસ્કાર સમારોહ યોજાશે. જેમાં ધો-૧ થી ૧૨ અને સ્નાતક અનુસ્નાતક કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. સમારોહના મુખ્ય મહેમાન પદે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના વાઈસ ચેરમેન રમેશ ઠકકર અને ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજનના પ્રમુખ વિનોદભાઈ ઠકકર ઉપસ્થિત રહેશે તેમજ આર્શીવચન સ્વામી વિમળાનંદજી સરસ્વતી પાઠવશે.

## શહેરમાં ચેસ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર અને અમદાવાદની ચેસ શોખીન પ્રજા માટે રોટરી કલબ ઓફ કેપીટલ અને એમ.એમ. સ્પોર્ટસ દ્વારા આગામી તા. ૩૦-૮-૨૦૧૫ને રવિવારના રોજ જુના સચિવાલય કેન્ટીન ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ચેસ ટુર્નામેન્ટમાં માત્ર ૧૪ થી ૩૫ વર્ષની વ્યકિતઓ જોડાઈ શકશે. જેમાં ૧૪ વર્ષથી નાના ઉંમરની વ્યકિત માટે ૨૦૦ ફી જયારે ૧૪થી વધારે ઉંમરની વ્યકિત માટે ૨૫૦ રૂ.ફી રાખવામાં આવી છે. આ ચેસ ટુર્નામેન્ટના ફોર્મ એમ.એમ. સ્પોર્ટસ સે-૧૧, જી-૬, વિજય શોપીંગ સેન્ટર-૯૪૨૬૩ ૫૬૭૮૪, ગેલેકસી સ્પોર્ટસ સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર ૯૨૭૪૮ ૬૦૮૮૦, નટરાજ ચશ્મા જુના સચિવાલય દુકાન નં. ૧૧૬, ૯૯૨૪૩ ૯૩૧૦૯, મંગલ ડિજીટલ સ્ટુડીયો, સે-૧૬ ખાતેથી મેળવી શકશે.





